# ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ,

**કમિશનરશ્રી શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.**

**(બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જૂના શિક્ષકોની પસંદગી અંગેની જાહેરાત ક્રમાંક: ૦૨/૨૦૨૪ અને ૦૩/૨૦૨૪)**

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, સચિવાલયના ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2023/3375/G તા.01/08/2024 તેમજ સરકારશ્રીના સ્થાયી ઠરાવો અને જોગવાઈઓ અન્વયે રાજ્યની **બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં** જૂના શિક્ષકોની પસંદગી અંગે તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કક્ષાએથી મળેલ **અંદાજિત ૪૦૦૦ ખાલી જગ્યાઓ અનુભવના** ધોરણે ભરવા માટે પસંદગી યાદી તૈયાર કરવા બાબતે નીચે જણાવેલ વેબસાઈટ પર આપવામાં આવેલ સૂચનાઓ ધ્યાને લઈ નિયત લાયકાત અને અનુભવ ધરાવતા તથા જાહેરાતની તારીખે વયનિવૃત્તિ માટે ઓછામાં ઓછા ૨ (બે) વર્ષનો સમય બાકી રહેતો હોય તેવા ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. અરજી કરતા પૂર્વે ઉમેદવારોએ વેબસાઈટ પર મૂકેલ વિગતવાર સૂચનાઓનો અભ્યાસ કરી અરજી કરવા વિનંતી છે.

નિયત લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારો માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે તા.૧૨/૦૯/૨૦૨૪ થી તા.૨૬/૦૯/૨૦૨૪ ના રોજ રાત્રે ૧૧:૫૯ કલાક સુધી **https://www.gserc.in/** વેબસાઈટ પર મૂકવામાં આવેલ સૂચના મુજબ ઓનલાઈન અરજી કરી શકશે. અરજી માત્ર ઓનલાઈન માધ્યમથી જ સ્વીકારવામાં આવશે. ઉમેદવારે અરજી કરતી વખતે તમામ વિગતો અરજીપત્રકમાં ભર્યા બાદ, તમામ વિગતોની ખાત્રી કરીને ત્યાર પછી જ નિયત કરેલ ફી ભરી અરજી કન્ફર્મ કરવાની રહેશે ત્યારબાદ સુધારા વધારા અંગે કોઈ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. નિયત સમયમર્યાદામાં ફી ભરેલ ન હોય તેવા ઉમેદવારોની અરજી સ્વીકારવામાં આવશે નહીં.

**અંદાજિત ખાલી જગ્યાની વિગત:**

| જાહેરાત ક્રમાંક | વિભાગ | માધ્યમ (ગુજરાતી/અંગ્રેજી/હિન્દી) ની કુલ મળી અંદાજિત ખાલી જગ્યાઓ |
|---|---|---|
| 2/2024 | માધ્યમિક | 2000 |
| 3/2024 | ઉચ્ચતર માધ્યમિક | 2000 |

પ્રસ્તુત જાહેરાતમાં નિર્દેશ કરેલ **અંદાજિત ખાલી જગ્યાઓ ફેરફારને** આધીન છે. વર્ગ ઘટાડા તથા અન્ય આકસ્મિક વહીવટી કારણોસર જગ્યા રદ થતા, તેવી ખાલી જગ્યા પર ઉમેદવારનો કોઈ હક્કદાવો રહેશે નહીં. પસંદગી સમયે **ખરેખર ઉપલબ્ધ ખાલી જગ્યા ઉપર જે તે માધ્યમ, વિભાગ, વિષય અને કેટેગરી પર ઉમેદવારે મેળવેલ અનુભવ અનુસાર પસંદગીની તક ઉપલબ્ધ થશે** જેની નોંધ લેવી. ભરતી પ્રક્રિયા દરમિયાન કોઈ બાબતે અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થશે તો નિર્ણય અંગે ભરતી સમિતિનો હક્ક અબાધિત રહેશે.

જાહેરાત સંબંધી વિગતવાર જાણકારી/સૂચનાઓ **https://www.gserc.in/** વેબસાઈટ ઉપર મૂકવામાં આવેલ છે. તેમજ ભરતી સંબંધિત તમામ સૂચનાઓ અને વિગતો વખતોવખત વેબસાઈટ પર અપલોડ કરવામાં આવશે. ઉમેદવારોએ નિયમિત રીતે વેબસાઈટની ચકાસણી કરવાની રહેશે. વેબસાઈટ પર મૂકેલ કોઈપણ સૂચના/વિગતથી અવગત ન થનાર ઉમેદવારો ભરતીના કોઈપણ તબક્કે સામેલ ન થઈ શકે તો આ અંગે ઉમેદવારની અંગત જવાબદારી રહેશે. બાદમાં આ અંગે ઉમેદવારની કોઈ લેખિત કે મૌખિક રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં. ભરતી સંદર્ભના તમામ હક્ક ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિને અનામત રહેશે.

**sd/-**

**અધ્યક્ષ**

**ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક**
**શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ અને**
**નિયામક, શાળાઓની કચેરી, ગુ.રા,ગાંધીનગર**

**માહિતી/૮૭૯/૨૦૨૪-૨૫**